Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઈ આણંદજી
જેમની અગિયારમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ
ઉજવવામાં આવી હતી.

પુસ્તક ૭૨ મું
અંક ૩-૪ : ૧૦ મી ફેબ્રુઆરી : પોષ—મહા : વીર સં. ૨૪૮૨ વિ. સં. ૨૦૧૨ : ઈ. સ. ૧૯૫૬

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૨ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વજિન સ્તવન | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૩૩ |
| ૨ | भक्तिरसधारा | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૩૪ |
| ૩ | સમુદ્ર-વહાણુ સંવાદ | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૩૫ |
| ૪ | અનુપમ દાંપત્ય :: ૨ | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૩૬ |
| ૫ | પ્રશ્નપદ્ધતિ :: ૪ | (અનુ૦ આ.શ્રી વિજયમહેંદ્રસૂરિજી મહારાજ) | ૪૦ |
| ૬ | અજ્ઞાનનો અંજામ | (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) | ૪૨ |
| ૭ | સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકા | (ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) | ૪૩ |
| ૮ | ધર્મલાભ અને વર્તમાન યોગ : ૨ | (હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૪૬ |
| ૯ | ઇર્ષ્યાને પરિણામે | (દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૪૮ |


## નવા સભાસદ

૧. શ્રી અમૃતલાલ પ્રાણજીવનદાસ મહેતા લાઈફ મેમ્બર કલકત્તા

## પૂજા ભણાવવામાં આવી

સ્વ૦ શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીની અગિયારમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને સોમવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદ બંધુઓ તેમજ અન્ય ગૃહસ્થોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક-બંધુઓને

### ભેટ પુસ્તક

સંવત ૨૦૧૧ તેમજ ૨૦૧૨ બંને વર્ષનું લવાજમ રૂા. ૬-૮-૦ આઠ છ આપની પાસે લેણા થાય છે. ભાવનગરનિવાસી શ્રી ખાંડીલાલ જીવરાજભાઈના આર્થિક સહાયથી "પ્રાતઃસ્મરણ અને સ્નાત્રપૂજા" નામનું (સચિત્ર) ભેટ પુસ્તક તૈયાર થઈ ગયું છે. પોસ્ટેજના ૦-૨-૦ મળી આઠ રૂા. ૬-૧૦-૦ મનીઓર્ડરથી મોકલશો એટલે ભેટ પુસ્તક બુક-પોસ્ટથી આપને મોકલી આપવામાં આવશે. જો આપનું લવાજમ તા. ૨૦ મી ફેબ્રુઆરી સુધીમાં નહીં આવે તો આપને ભેટ પુસ્તક વી. પી. થી રવાના કરવામાં આવશે, જે સ્વીકારી લેવા નમ્ર વિજ્ઞપ્તિ છે. લક્ષદોષથી કે શરતચૂકથી વી. પી. પાછું ન ફરે તે માટે પૂરતો બંદોબસ્ત કરવા કૃપા કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૨ મું
અંક ૩-૪ | પોષ—મહા | વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

## શ્રી પાર્શ્વજિન સ્તવન

[ વામાનંદન હો પ્રાણથકી છો પ્યારા-એ દેશી ]

પારસ સાંઈ હો સુણ સુણ ઉર ઉદ્‌ગારા,
તેરી ઠકુરાઈ હો કયું કર મુજ લલચાયા?

ગુણશ્રેણિનો તુહિ આલિક, ઠોગર પરમેં લીના;
પરવશતાથી દર્શન ત્રિક, વિણ ભમીયો થઇ હીના. પારસ સાંઇ. ૧

કરુણાસાગર નાથ નિરંજન, જગમાં ન મળે જોટા;
દિખલાવે દર્શન ગુણ અંજન, આંજતા જ્ઞાયક મીઠા. પારસ સાંઈ. ૨

જ્ઞાની ચરણ વિશુદ્ધતા પામે, શિવ સોપાને ચઢતો;
સર્વઘાતિની* પીછો છોડે, જાગે કેવળ લહશો. પારસ સાંઈ. ૩

શેષ આયુ: વેદી તુમ થાશો, મુક્તિ કુમારી કંત,
અનંત ચોક શય્યાએ રમશો, એહિ જ દુનિયા અંત. પારસ સાંઈ. ૪

ઠકુરાઠકેરા વચન સુણીને, પરિગ્રહ મમતા ભારી;
જે જન મ્હારા કે'તા મુજને, વિસર્યો તે પણ ચાલી. પારસ સાંઇ. ૫

તો તુમે સ્વામી મહેર કરો અબ, શરણુ લહું તુમ પદનું;
<u>રુચકવિજય</u> મનમાં લેશો કબ, જાવે શૂળ જિમ ભવનું. પારસ સાંઇ. ૬

—મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ

* સર્વઘાતી કર્મપ્રકૃતિ.

For Private And Personal Use Only

सुधा धवल स्वर्णिमा कांतियुत दिव्य तेज प्रभु शरीर सुंदर,
भक्त हृदयसागरको उलसे रजनीनाथ बन विभुजी अंबर;
प्रणत भाव मुज प्रभुचरणोंमें रोमांचित हो तनु मुज अर्पित,
तीर्थपति जगतारक वंदन कर आनंदित भक्ति समर्पित.

तेरे मुखशशिकी उपमा को वर्णन करने बुद्धि कहां है ?
नयनकमल मृदुता मैं देखुं दिव्य नयन मुज पास कहां है ?
तुज वाणी अमृतरस पीने श्रोत्रेंद्रिय मुज दिव्य कहां है ?
हर्ष प्रफुल्लित हृदय बनाने ग्राहक मन मुज पास नहीं है.

दिव्य गंध तुजसे जो निकले कैसे अनुभवगम्य मुजे हो ?
पामर हूं मैं शून्य हृदयसा तुज गुण कैसे ज्ञात मुजे हो ?
तुज सन्निधि को पाने मेरा पुण्य बडा सद्भाग्य कहां है ?
निष्पुण्यक मैं तुच्छ रहा हूं सद्गुण मुजमें कौन रहा हैं ?

तुज गुण गाने कंठ कहांसे लावूं मैं और शुद्ध कहांसे ?
कवि जनमके गुणमणि प्रतिभा अद्भुत रसकी लावुं कहांसे ?
मृदुमधु रसधारा कविजनकी मुज मनमें हो प्राप्त कहांसे ?
भक्तिसुधा मुनिजन मुखनिर्गत मुजको कैसे मिले कहांसे ?

एकतान तुज भजन यजनमें मस्त बनूं मैं कैसे प्रभुजी ?
मंदोदरी रावणकी वीणा वादन अनुभव हो मुज प्रभुजी;
भूल गये निजको बन प्रभुमय आत्मानंद मगन जब बनते,
भाग्य कहां है मेरा अनुपम सुखमय ज्ञानदशा अनुभवते.

मंदोदरी का नृत्य नहीं वह आत्मोत्थान परम सुख पदमें,
वीणा नहीं वह बजी भजनमें मुक्तिपुरी झंकार भुवनमें;
रसास्वाद वह परम सौख्यका बिंदु मात्र मुज प्रगट आत्ममें,
धन्य धन्य मानूंगा निजकुं सफल जन्म हो आज सुवनमें.

परमोपासक गौतम ऋषिवर सान्निध नित्य प्रभुके रहते,
प्रभु–मुखसे वाणी जब सुनते नेम सब मनका दूर हटाते;
सेवक–सेवा–सेव्य एक हो परमानंद सुधा वे पीते,
अंश प्राप्त उसका हो मुजको धन्य बनूं मैं अमृत पीते.

सरस्वती भी तुज गुण वर्णन पूर्ण नहीं कर सकी गिरासे,
मुनिजन ऋषिगण पंडित सबने जिह्वा मूक बनाई ध्यानसे;
दिनकर आगे खजुआ हूं मैं अज्ञानी मंदधी अधूरा,
बालेन्दु नतमस्तक हो अर्पण करता मन तनु धी सारा.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમુદ્ર–વહાણ સંવાદ (પરિચય) ——— પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

પૂજ્ય ઉપાધ્યાયજીશ્રી યશોવિજયજી મહારાજનું સર્વતોમુખી પાંડિત્ય તેઓશ્રીના નાના કે મોટા, ગદ્ય કે પદ્ય, સંસ્કૃત–પ્રાકૃત કે ભાષા એમ એક એક ગ્રન્થમાં સ્પષ્ટ તરવરતું નજરે પડે છે. જે વાત તેઓશ્રીને જણાવવી હોય તે જે પ્રમાણમાં મહત્ત્વ ધરાવતી હોય તે પ્રમાણેનું વચનગાંભીર્ય તેમના લેખનમાં હોય છે. તે તે વાત તેના સમુચિત સ્વરૂપમાં રજૂ કરવાના તેમના કૌશલ્યને કારણે તેઓશ્રીનો એકે ગ્રન્થ છીછરો લાગતો નથી. ભાષાપ્રવાહ અસ્ખલિત વહ્યે જાય છે.

તેઓશ્રીના ગ્રન્થો મોટે ભાગે તાર્કિક અને આગમિક છે. તેમાં આ 'સમુદ્ર–વહાણ–સંવાદ' કોઈ જુદી ભાત પાડે છે. સં. ૧૭૧૭ ની સાલમાં આ સંવાદની રચના થઈ છે. સાહિત્યસૃષ્ટિમાં આ સંવાદ વિશિષ્ટ સ્થાન ધરાવી શકવાનું સામર્થ્ય ધરાવે છે. સંવાદમાં ગૂંથાએલ વિષય સર્વસાધારણ છે. ઇષ્ટદેવના મંગલ અને આરંભનો અલ્પ ભાગ છોડીને કોઈ પણ ધર્મવાળાને આ સંવાદ નિર્વિવાદ આદરણીય છે. જો કે સાહિત્યના વિષયમાં મંગલાદિમાં બતાવેલ પક્ષપાત અલ્પ પણ ગ્રન્થના મહત્ત્વમાં અલ્પતા કરતો નથી. ગ્રન્થ ગેય છે. નિવૃત્તિના સમયમાં ઉચિત હલકપૂર્વક ગાવામાં આવે અને તેની સમજૂતિ સમજાવવામાં આવે તો નીરસને પણ રસજાગૃતિ થાય એવી રચના છે.

ગ્રન્થમાં આવતા ભાવોનો ટૂંક પરિચય આ પ્રમાણે છે. શરૂઆતમાં ચાર દુહામાં–શ્રી નવખંડા પાર્શ્વનાથને નમન કરીને વહાણ–સમુદ્રની વાત વિનોદને માટે કરીશું. વહાણ અને સમુદ્રને પરસ્પર જે વાદ થયો તે સાંભળતાં મન ઉલ્લસિત થાય એવો છે–જેમ વસંતઋતુથી આંબો ઉલ્લસે તેમ. આ સાંભળીને નાના કે મોટાએ કોઈએ અભિમાન કરવા જેવું નથી. સમુદ્ર અને વહાણ એ બન્નેને અંદરોઅંદર વાદ કેવી રીતે થયો એ હું કહું છું. તમે સાવધાન થઈને સાંભળો. આમ શરૂઆત કરી છે.

પછી પ્રથમ ઢાળમાં–

ઘોઘાબંદરથી શ્રી નવખંડા પાર્શ્વપ્રભુને વિધિપૂર્વક પ્રેમથી પૂજીને પાર્શ્વપ્રભુના ગુણ ગાતાં–શુકન અને વધામણી લેતાં વેપારીઓએ સમુદ્રયાત્રા માટે પ્રયાણ કર્યું. શ્રીફળ આદિથી સમુદ્રને વધાવ્યો–પૂજ્યો અને વહાણો હંકાર્યાં. પદ્મિની સ્ત્રીઓએ સ્વામીને આશિષ આપીને 'વહેલા આવજો' ને વિવિધ વસ્તુઓ–રેશમી વસ્ત્રો–કરીયાણાં આદિ લાવજો એમ કહ્યું.

નાના મોટા વહાણો સાગરમાં આગળ વધ્યાં. અહિં ત્રણ ગાથામાં વહાણો સમુદ્રમાં કેવા લાગતાં હતાં અને આગળ કેવા વધતાં હતાં તેનું કાવ્યમય વર્ણન છે.

ભરદરિયે વહાણો આવ્યા ત્યાં પાણી ઉછળતું હતું. સાગરનો ગર્વ માતો ન હતો, તે મોજાં ઉછાળતો, નાચતો–ગાજતો હતો. અને પોતાના મનમાં તરંગો રચતો કહેતો હતો–મનમાં ચાળા કરતો હતો. ગર્વથી એ માનતો કે મારા જેવું જગતમાં બીજું કોઈ નથી.

ગર્વથી માણસને હાથે પકડીને પર્વત પર ચડાવી દેવાય છે, ગર્વથી નર પોતાની બડાઈ હાંકે રાખે છે–પરંતુ કહ્યું કાંઈ પણ સાંભળતો નથી, પણ તેથી રસ ઉપજતો નથી.

સમુદ્રનો ગેરવ્યાજબી ગર્વ જોઈને એક વહાણ ચીડાયું. એનાથી સાગરનું વર્તન સહન ન થયું. તેણે સાગરને ખરેખરું સંભળાવી દીધું–સાચાબોલા માણસો હૃદયમાં કહેવાનું રાખી મૂકતા નથી, તે તો મોઢે સાચે સાચું સંભળાવી દે છે. હાજી હા કરનારાથી કોઈ રાજ–કાજ સરતું નથી. હે દરિયા ! તમે ભર્યા છો છતાં તમને કોણ નથી તર્યું ? અર્થાત્ તમને બધા તરી જાય છે–ઉલ્લંઘી જાય છે. જરૂર તમે કોઈથી ડરતા નથી, ગુણથી પરિવરેલા છો, પણ તમારે ગુણનો પણ મદ–ગર્વ કરવો વ્યાજબી નથી. પોતાનું કર્યું ગાય તે તો છેલબટાઉ ગણાય. પોતાના ગુણોના બીજાથી કરાતી પ્રશંસા–સ્તુતિ સાંભળીને સજ્જનો માથું ઢાળી દે છે–નીચે જોઈ જાય છે. સજ્જનોના ગુણો ઊંચે દેવલોકમાં જાય છે. જ્યારે જેઓ પોતાના ગુણો ઊંચા ડોક કરીને પોતાને મુખે બોલે છે તેના ગુણો તો નીચે ધરાતલમાં પેસી જાય છે, માટે તમે તમારા ગુણો ન ગાવ–હે સાગર !

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુપમ દાંપત્ય

(૨)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## સમાગમની પહેલી રાત્રિ

સંસારમાં પગલાં પાડતાં પતિ-પત્ની માટે, લગ્ન પછીની પ્રથમ રાત્રિ એ ખરેખર અનોખી ગણાય છે. અગ્નિની સાક્ષીએ જીવન અને વ્યવહારના દરેક પ્રસંગોમાં એકબીજાની સાથમાં ઊભા રહી સર્વ પ્રકારના રીતરિવાજોનું પાલન કરવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલ ઉભય આત્માઓ, એ રાત્રે જ સૌપ્રથમ અરસપરસના સવિશેષ પરિચયમાં આવે છે. છૂટથી વાર્તાલાપ કરી શકે છે, અને ઉભયના મિલનથી જાણે એક નવું અંગ ન ઉદ્‌ભવ્યું હોય તેમ એકરસ બની પોતાનો ભાવી રાહ નિયત કરે છે. આનંદ અને વિલાસ માણવાના જાતજાતના મનોરથો સેવે છે અને કૌમાર્ય અવસ્થામાં ભિન્ન ભિન્ન રીતે સેવેલા સોણલાઓ એક બીજાની સામે રજૂ કરી, એનો સમન્વય સાધી, ભાવિ જીવનને કેવા પ્રકારે સમૃદ્ધ, સુંદર અને રસદાયી બનાવવું તે માટેનો નકશો દોરે છે. સ્નેહ ને પ્રેમથી ઉભરાતા હૃદયોનું જ્યાં અંકુશવિહોણું મિલન સર્જાય છે ત્યાં અકલ્પનીય આનંદના તરંગો ઉછળી રહે છે અને એ નિશાને '**સોહાગ રાત**'નું અનુપમ બિરુદ પ્રાપ્ત થાય છે.

આવો એકાંત પ્રસંગ એ જાહેરની હાજરી માટે નિષિદ્ધ લેખાયો છે. એ ટાણે પતિ-પત્ની વચ્ચે ચાલતા વિનોદમાં અન્ય કોઇની હાજરી ન જ હોઇ શકે એ શિષ્ટાચાર છે. પણ લેખકને પ્રાપ્ત થયેલ કલ્પનારૂપી અશ્વ એવો અદૃશ્ય શક્તિધારી છે કે તેના બળે પેલા દંપતીને જરા પણ ખબર ન પડે એ રીતે, લેખક એના ઉપર સ્વાર થઈ ત્યાં પહોંચી જાય છે અને જે નિહાળે છે તે શબ્દોમાં ઉતારે છે. એથી તો કહેવાય છે કે—

**જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ;**
**જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી.**

અહા! હું આ શું જોઇ રહ્યો છું? પ્રભુતામાં પગલાં પડતાં-લગ્ન પછી પ્રથમ વાર મળતાં પતિ-પત્નીની પ્રથમ રાત સાચે જ અનોખી હોય એ હું જાણું છું. એ વેળા તદ્દન જુદા ઘરેથી આવનાર તરુણીને જાતજાતના કોડ હોય એમાં પણ આશ્ચર્ય નથી. વળી જેના ઘરમાં કાયમને માટે વસવાટ કરવાનો છે એવા સ્વામીને રીઝવીને પોતાનો બનાવવામાં નારીજાતિસુલભ દરેક કળાઓનો ઉપયોગ કરી જે સ્થાનમાં પ્રથમ મિલન થવાનું છે એની સજાવટ પણ મોહક ને આકર્ષક બનાવવાની આવડત પણ સારા પ્રમાણમાં વપરાઇ હોય; અને શયનગૃહનું સારુંયે વાતાવરણ એટલી હદે શણગારપૂર્ણ સર્જ્યું હોય કે ત્યાં પગ મૂકતાં જ તરુણ હૃદય પ્રેયસીની આ જાતની કુશળતાથી નાચી ઊઠે છે અને અર્ધાંગીને બાહુમાં સમાવી લઇ, મિલાપ દ્વારા એકાદા પૂર્ણાંગને ખડો કરી દે. સ્ત્રીઓની ચોસઠ કળાઓમાંની અને તેટલી વધુ કળાઓનું પ્રદર્શન આ સોહાગ રાતમાં જોવાનું મળે અને એથી ઉભયના હૃદયમાં કોઇ અનેરો ઉલ્લાસ પ્રગટી નીકળે.

સજાવટમાં ભલે ધનના વ્યયનું પ્રમાણ ભિન્ન હોય, બાકી કળાકૌશલ્યની નજરે એમાં શ્રીમંત કે રંકના ભેદને સ્થાન નથી જ. તેમ ત્યાં ચહેરાના વર્ણને કે દેહ પર ધારણ કરેલા બહુમૂલા કિંવા અલ્પ કિંમતના વસ્ત્રોને પણ મહત્ત્વ નથી જ. પ્રેમનો ઉભરો એ અંતરની ચીજ હોવાથી એના વહનમાં બહારના સાધનો ઉપરછલ્લી સહાય કરતા જણાય, પણ સાચી શક્તિ તો પત્નીના અભ્યાસ-સંસ્કાર અને અનુભવ પર જ અવલંબે છે.

સોહાગ રાત ગાળવાના મિષે જે અલગ કમરો પોતાના માટે નિર્દિષ્ટ કરાયેલ છે ત્યાં પ્રવેશ કરતાં, એનું જે સ્વરૂપ આંખે ચઢ્યું તે જોતાં નીચેના શબ્દો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેષ્ઠીપુત્ર વિજયના મુખમાંથી સરી પડ્યા. 'गृहिणी गृहम् उच्यते' એ નીતિકારનું કથન અક્ષરશઃ સત્ય છે.

સ્ત્રીજાતિસુલભ લજ્જાથી જેનું મુખ અવનત થયેલ છે એવી નવોઢા વિજયા કંઈક સ્મિત કરતી બોલી કે—

સ્વામિ ! પ્રથમ સમાગમે આટલા બધા પ્રશંસાના પુષ્પો ન વેરો. આ તો પારોશમાં પહેલી પૂણી લેખાય. ચાહે તો રાજપૂતાણી હોય કિંવા વૈસ્યવરની નારી હોય, સમાગમની પહેલી રાત્રિ એના હૃદયમાં ભારે મંથન જન્માવે છે. પોતાની આવડત અનુસાર સંસાર-પ્રવેશનો આનંદ માણવા એ ઉદ્યુક્ત થાય છે.

શુભ્રાનના, મેં કંઇ ખોટી પ્રશંસા નથી કરી. વણિક કુલોત્પન્ન નારીવર્ગમાં કળાનું બહુમાન વીસરાતું જાય છે. ઘણીવાર ઢંગધડા વગરનો પહેરવેશ અને શોભા કરતાં માત્ર પ્રદર્શનની દ્રષ્ટિએ લદાયેલ દાગીનાનો સમૂહ એ વર્ગની કોમળાંગીઓના શરીર ઉપર દ્રષ્ટિગોચર થાય છે. એમાં જેઓ ધર્મિષ્ટ મનાય છે તેમને માટે તો જૂદી જ વ્યાખ્યા પ્રચલિત હોય છે. ધર્મ કે વૈરાગ્યના માની લીધેલા અર્થને અનુસરી જાણે એનું જીવન સાવ નિરસ બની ગયું હોય છે ! એ ઉપરછલ્લી માન્યતાનો સધિયારો લઇ પોતે કેવી કક્ષામાં વર્તે છે ? પોતાનું શું કર્ત્તવ્ય છે ? જો સંસારી જીવન જીવવાનું હોય તો વાત્ત વાતમાં અસારતાને આગળ ધરી કેવળ કૃત્રિમ ઉદાસીનતા ધરવાથી ઉભયભ્રષ્ટ થવાય છે એનું પણ એને ભાન હોતું નથી ! જ્યાં ધર્મ, અર્થ અને કામ ત્રણ પુરુષાર્થ પર નજર રાખવાની વાત અગ્રપદે હોય ત્યાં શુષ્ક વૈરાગ્યનો દેખાવ કરવાથી ગૃહસ્થી જીવન રસહીન બને છે અને એની ઊલટી છાપ ભાવી સંતાનો ઉપર પડે છે જે પરિણામે હાનિકર છે.

પ્રાણવલ્લભ ! શું તમો મને એ પ્રકારની ધર્મઘેલી ગણો છો ? અલબત્ત આત્મકલ્યાણના અણમૂલા સાધન સમા, અને ગૃહસ્થ જીવનમાં પણ શાન્તિ પાથરનારા જે જે વ્યવહારો ગણાય છે એના દર્શક સમા ધર્મનું મારા હૃદયમાં ઊંડું સ્થાન છે જ, પણ હું એના બાહ્ય દેખાવમાં રાચનારી નથી. એનું હાર્દ શક્તિ મુજબ અભ્યાસથી અને સાધ્વી-સમાગમથી સમજી છું એટલે જ જે કાળે, જે સ્થાને, જે જે ઉચિત લેખાય તે તે કરવા પ્રયત્નશીલ બનું છું. તીર્થંકર દેવના પ્રવચનમાં **સર્વવિરતિ** સાથે **દેશવિરતિ**ને પણ સ્થાન છે જ. એ કારણે મારું ગૃહજીવન સુખરૂપ ને શાતિભર્યું સર્જાય એવી પ્રત્યેક કરણી કરવાનો એક ગૃહિણી તરીકે મારો ધર્મ ગણાય. એમાં **પતિની ચાહના** મુખ્ય લેખાય.

વ્હાલી વિજયા ! મારા કાને જે વાતો જનપરંપરાથી આવેલી અને એના આધારે મને ડસેલું કે તારામાં એ જાતની ઘેલછા છે. પણ તારી સાથેના વાર્તાલાપથી એનો ધટસ્ફોટ થઇ ગયો-શંકા, નિર્મૂલ થઇ. બાકી ધર્મ જેવા મુખ્ય પુરુષાર્થની અવગણના થઇ શકે જ નહીં. પ્રત્યેક આત્મા ચાહે તો તે નરરૂપમાં હોય, કિંવા નારીસ્વરૂપે હોય-જો માનવભવ મેળવી સ્વકલ્યાણ સાધવાની આકાંક્ષા ધરાવતો હોય તો એને ધર્મનું શરણું શોધ્યે જ છૂટકો.

તેં પણ સાંભળ્યું તો હશે જ કે-હું પણ સંતસમાગમનો ઇચ્છુક હોઇ, યથાશક્તિ ધર્મકરણી કરવાવાળો છું. હા, નથી તો વારેઘડીએ સંસાર અસારના ગાણ્યા ગાતો કે નથી તો રાગ ને ત્યાગનો શંભુમેળો કરતો.

નાથ ! સાંભળેલી વાતો ઉપર હું મદાર બાંધવા ટેવાઇ જ નથી. મને તો પ્રત્યક્ષ બનાવ અને તે પણ પ્રજ્ઞાના કાંટે, અને પ્રમાણના આધારે તોળવાની આદત છે. જે લાગે તે મોઢા પર જ કહેવાની મારી પ્રકૃતિ છે.

શુભ્રુ ! આપણે પણ આજના પ્રસંગને અનુરૂપ ચેષ્ટા કે ગોષ્ટિને બદલે કોઇ જુદા જ રસ્તે ઉતરી ગયા ! હા, આજના આવા સુંદર આયોજનમાં, તેં ધારણ કરેલ શ્વેત વસ્ત્રનો મેળ, મારી દ્રષ્ટિએ તો ભૂલ-ભર્યો છે. અરે ! કળાને ક્ષતિ પહોંચાડનારો ગણાય જ.

વ્હાલા ! તમારી એ વાત સર્વથા સાચી છે અને એ ધારણ કરવા પાછળ એક મહત્વનું કારણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમોને એ વાત હું જણાવાની તૈયારીમાં જ હતી, ત્યાં આ પ્રશ્ન તમોને ઉદ્ભવ્યો.

સાધ્વી મહારાજના મુખે **બ્રહ્મચર્યવ્રતનો** મહિમા સાંભળી મેં પ્રતિજ્ઞા લીધી છે કે-'ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કર્યા પછી પ્રત્યેક માસના શુક્લપક્ષમાં હું મૈથુન ક્રીડાથી અલગ રહીશ; અર્થાત્ અજવાળીયાના દિવસોની પ્રભા માફક મારું જીવન શુદ્ધ બ્રહ્મચર્યવ્રતના પાલનમાં વ્યતીત કરીશ. મને સંપૂર્ણ ખાત્રી છે કે મારી આ ભાવના નિર્વાહમાં તમારો પૂરેપૂરો સહકાર પ્રાપ્ત થશે જ. માત્ર આજની પૂર્ણિમાનો એક જ દિવસ એ રીતે હાલ તો આપણ ઉભયને વિખૂટા રાખશે; એટલે આપણી સાચી સોહાગ રાત કાલથી શરૂ થશે.

પ્રેયસી વિજયાની, સ્મિત વદને ઉચ્ચારાયેલી ઉપરની પ્રતિજ્ઞા સાંભળતાં જ વિજયકુમારથી એકાએક બોલાઈ જવાયું-આ તો प्रथमग्रासे मक्षिकापात ! પૂર્ણિમાની નિશાએ સર્વનાશનો સંદેશ હોંશભર્યા જીવનમાં ડગ ભરતા યુગલને સુણાવ્યો.

શું તમારા સરખા ધર્મનિષ્ઠ આર્યપુત્ર પાસે અર્ધાંગના એવી મને એક દિવસ માટે પણ મારું વ્રત પાળવાની છૂટ ન હોઈ શકે ?

અરે વલ્લભા ! એક દિવસ તો શું પણ અઠવાડીઆ માટે એવા શુભ કાર્યમાં હું આડો હાથ ન ધરું, પણ અહીં તો **વિધાતાએ આડો આંક વાળ્યો છે !** પાંગરતાં જીવનમાં આગ ચાંપી છે ! જેમ તેં કૌમાર્યવસ્થાની તારી વાત કહી, તેમ મેં પણ એ અવસ્થામાં ગુરુસમાગમથી કૃષ્ણપક્ષમાં વિષયસેવનથી તદ્દન દૂર રહેવાનો નિયમ સ્વીકારેલો છે. એ વેળા તને કે મને ઓછો જ એવો ખ્યાલ આવે કે આપણા ઉભયને જ લગ્નગ્રંથીથી જોડાવાનું નિર્માણ થશે. **ભવિતવ્યતા** આપણી વેરણ બની અને આપણા બંનેને ખરેખર તદ્દન વિચિત્ર સંયોગમાં લાવી મૂક્યા !

જ્ઞાની ભગવંતોએ એટલા સારુ તો આ વિધાતા-રૂપી **મહામાયાને** નવ ગજના નમસ્કાર કર્યા છે; અને ડિંડિમનાદે જણાવ્યું છે કે-'એનો સ્વભાવ જ અણકલ્પ્યું સર્જવાનો અને સારી રીતે ગોઠવાયેલાને તોડી નાંખવાનો છે ! અને લાલ લીટી દોરી છે કે '**વિધિ એવો ઘાટ બેસાડે છે કે જેનો તાગ માનવની કલ્પનામાં પણ ન હોય.**' આપણા બંને માટે એ નિતરું સત્ય છે.

ઘડીભર તો સ્વામીના વચનો શ્રવણ કરી વિજયા મંત્રમુગ્ધ બની ગઈ ! પણ એ સ્થિતિ ઝાઝીવાર ટકી નહીં. તરત જ એ બોલી-હૃદયવલ્લભ ! એમાં સર્વનાશ જેવું મને તો કંઇ જણાતું નથી. **બ્રહ્મચર્યવ્રત** જેવા મહાન્ ધર્મનું પાલન આ રીતે કુદરતીપણે જ્યારે મારા નસીબમાં આવેલું છે ત્યારે મને ઉદ્વેગ ધરવાપણું ન જ હોય. શુક્લપક્ષનો નિયમ મારા હૃદયના ઉમળકાથી લીધો હતો અને આજે કૃષ્ણપક્ષ માટેનો પ્રતિબંધ મને મારા સંસારપ્રવેશની પ્રથમ રાત્રિએ, સાચા પ્રેમની નિશાનીરૂપે પતિ તરફથી પ્રાપ્ત થાય છે. આ રીતે અખંડ બ્રહ્મચર્યવ્રતધારીની કક્ષામાં મારો નંબર નોંધાય છે. સ્વર્ગના દેવો પણ જેમને વંદન કરે છે એવા બ્રહ્મચારી વર્ગની સંખ્યામાં મારું નામ નોંધાય એનાથી બીજું રૂડું શું લેખાય ? મારા જેવી નારી માટે એ સદ્ભાગ્યનો યોગ કહેવાય. કોઇક વિરલ લલનાના તગદીરમાં આવો પ્રસંગ સાંપડે.

અરે ! હું મારા લાભની વિચારણામાં તમારા સરખા વ્હાલા શીરછત્રની વાત તો ભૂલી જ ગઇ ! તમારો કૃષ્ણપક્ષનો નિયમ જળવાય અને શુક્લપક્ષમાં ગૃહસ્થ ધર્મનું પાલન થઇ શકે એવો માર્ગ ઉઘાડો છે જ. તમો ફરીથી કોઇ યોગ્ય કન્યા સાથે લગ્ન કરો. એ કાર્યમાં મારી હાર્દિક સંમતિ છે. હું જાતે ઉઠી તે કાર્યમાં આગેવાની લેવા તૈયાર છું. પતિના સુખમાં મારું સુખ માનનાર એવી મને એથી અધિક આનંદ થશે દુનિયામાં **શોક્યનું સાલ** દુઃખદાયી કહેવાય છે અને કોઇ રામા જાણીબૂઝીને એ સ્વીકારતી નથી, પણ મારો પ્રશ્ન એથી તદ્દન નિરાળો છે. તમો સંમત થાવ એટલી જ ઢીલ છે. હું સપત્નીને આડખીલી નથી લેખવાની, પણ મારી સગી બહેન તરીકે સ્વીકારવાનું પણ લઉં છું અને એ કાર્ય પાર ઉતારવા અગ્રેસર થવા તૈયાર છું. પ્રેમના બંધનથી જેનો હાથ પકડ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એવા પતિના શ્રેયમાં જ મારું શ્રેય છે એવું મારું દૃઢ મંતવ્ય છે. પતિવ્રતા માટેનો એ સનાતન ધર્મ છે.

શાણી વિજયા! તારા વચનો એક ધર્મશીલ અને પ્રેમી પત્નીને શોભે તેવા છે. આર્યનારીના સાચા હૃદયની એમાં છાપ છે. સપ્તપદીના મંત્રોથી પ્રાપ્ત થયેલ અધિકારને એમાં રાજીખુશીથી છોડી દેવારૂપ ત્યાગ છે અને એ નાનોસૂનો નથી જ. કદાચ આઝાદીની નવી વ્યાખ્યા કરનાર નારીગણને અથવા તો પ્રેમના સાચા મૂલ્યાંકન કરવાની શકિત ગુમાવી બેઠેલા અને કેવળ કામને જ પ્રેમરૂપે પિછાનનારા માનવગણને એમાં ગુલામી મનોવૃત્તિના દર્શન થશે. અરે આત્મહકનું લીલામ જણાશે! પણ અધ્યાત્મ સંસ્કૃતિના વારસદારો માટે એ પાછળ સમાયેલ નિતરું સત્ય હરગીજ અણપ્રીછ્યું રહેનાર નથી જ. એક પતિવ્રતાને શોભે એ રીતે તેં મારો માર્ગ નિષ્કંટક બનાવવાનો રાહ ચીંધ્યો છે અને એ માટે બેમત નથી જ. સામાન્ય માનવગણ એમાં અનુચિતતા ગણતો પણ નથી.

પણ વ્હાલી પ્રિયા! તું શું એમ સમજે છે કે—અગ્નિદેવની સાક્ષીએ—જનસમૂહની હાજરી વચ્ચે—ઉચ્ચરાયેલા એ કીમતી સૂત્રો-સુખ-દુઃખમાં સાથે રહેવાની પ્રતિજ્ઞા હું આટલી જલ્દીથી વિસરી જઇશ? મારા અંતરમાં પણ ધર્મની જ્યોત જલે છે. એના બળવડે તો નિયમના મંગળાચરણ થાય છે. જે ધર્મમાં માનવતા અર્થાત્ અન્યમાં પણ પોતાના જેવો જ આત્મા છે એવી પ્રતિતીનો છેદ ઉરાડવામાં આવ્યો હોય તે ધર્મ નામને લાયક જ નથી. એને સગવડીઓ પંથ કહી શકાય.

વિધાતાએ જે જુદા આત્માઓને લગ્નગ્રંથીથી સાથે જોડ્યા, અને ઉભયના મિલનથી સંપૂર્ણ અંગ સર્જન કર્યાનો જનસમૂહ સામે પાઠ રજૂ કર્યો. એમાંના એકને વિફળ કરી, એને સ્થાને તદ્દન નવાને સ્વીકારી ગૃહસ્થ ધર્મ આચરવાનો સ્વાંગ ધરવો એમાં નથી તો બહાદુરી કે નથી તો સાચી મર્દાનગી. કેવળ નબળાઇનું ઊંધાડું પ્રદર્શન માત્ર જ છે.

તારા સરખી પ્રેમ સૂત્રે ગુંઠાયેલી અબળા જીવનભર માનવોચિત વિલાસનો ત્યાગ કરી શકે તો શું પ્રેમની વાતો કરનાર મરદ એ જાતનું પરાક્રમ ન ફોરવી શકે? પ્રેમની વ્યાખ્યા શું નારી માટે જ છે? નરને સારુ બારે દરવાજા ખુલ્લા છે?

તું ભલે રાજીખુશીથી સલાહ આપે છતાં નજર સામે એક યુગલ મનગમતા વિલાસો માણતું હોય, અને રોજનો એ ચક્ષુ સામેનો વિષય હોય, તો એવું કઠણ કે શુષ્ક હૃદય જવલ્લે જ જણાય કે જેમાં કાંઇ લાગણી ન ઉદ્ભવે.

અંતરના ઉભરાથી સંસારસુખનું સમર્પણ કરવું એ એક વાત છે અને નેત્રો સામે અહર્નિશ એનું રીહર્સલ નિરખી ક્ષમતા ધરવી એ તદ્દન બીજી વાત છે. પ્રથમમાં નારીહૃદયની ઉદાત્ત ભાવના છે અને પાછળનામાં દબાવેલ અંતરની બળતરા છે.

પ્રાણવલ્લભા! જવા દે એ સંબંધી વધુ વિચારણા. મેં જેને સર્વનાશ કહ્યો એને હવે આપણે સાથે મળી સાચા અર્થમાં પરિણમાવીએ. કર્મોમાં મોહનીય કર્મને જીતવું જ્ઞાની ભગવંતોએ અતિ વિકટ બતાવ્યું છે, એ કર્મનો સરસેનાપતિ કામદેવ છે. એ જીતાય તો બાકીના કર્મો જીતવા સહજ છે. કર્મોનો જ સર્વ પ્રકારે નાશ સર્જવાનો યોગ આપણને અનાયાસે સાંપડ્યો છે. ભોગ નિમિત્તે જોડાયેલા આપણે એવો યોગ સાધીએ કે એ બાપડો ભોગ સ્વયં કાયમને માટે અગીઆરા ગણી જાય. આપણી સોહાગરાત ચર્મચક્ષુધારીને કલ્પનામાં પણ ન આવે એવી રીતે ઉજવીએ. 'ધણી-ધણીઆણી રાજી તો, ક્યા કરે મીયા કાજી' એ ઉકિત માફક દુનિયાની નજરે દેખાતા ભોગી, અંતરના યોગી બનીએ. (ચાલુ)

બાળકોના જીવનમાં
ઉત્તમ સંસ્કારો
રેડવા માટે

સંસ્કારનું વાવેતર

અવશ્ય મંગાવો
મૂલ્ય : ચાર આના

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નપદ્ધતિ (૪)

અનુવાદક : આચાર્ય મહારાજશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ

પ્ર૦-(૩૫). શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે જંગલમાં પશુ વગેરેને જોયા હોય અને કોઈ પૂછે તો મેં નથી જોયા એમ કહેવું, તો તે મિથ્યા બોલવાનું મુનિને કેમ સંભવે?

ઉ૦—અહિં જૂઠું બોલવાનું ન જાણવું, એમાં જિનેશ્વરદેવના વચન જ પ્રમાણભૂત છે, તે સિવાય નદી ઉતરવા વગેરેમાં પણ અતિ પ્રસંગ આવી જાય. ॥ ૩૫ ॥

પ્ર૦—(૩૬) રાત્રિમાં ચઉવિહારના પચ્ચખાણવાળા શ્રાવકને મૈથુન ક્રિયા વખતે ગાલે ચુંબન કરવાથી પચ્ચક્ખાણનો ભંગ થાય કે નહિ?

ઉ૦—પચ્ચક્ખાણનો ભંગ ન થાય, કારણ કે ચાર આહારનો ત્યાગ કરેલ છે, ચુંબન એ આહારમાં નથી પરંતુ ત્યાગ કરે તો સારું ॥ ૩૬ ॥

પ્ર૦—(૩૭) મૈથુનમાં જીવ હિંસા કેવી રીતે થાય?

ઉ૦—રૂથી ભરેલી નળીમાં, તપાવેલ લોહની શળી નાખવામાં આવે ત્યારે રૂ બળી જાય-નાશ પામે તેમ કર્મકૃતયોનિમાં પુરુષનો સંબંધ થવાથી જીવો પણ નાશ પામે છે. ॥ ૩૭ ॥

પ્ર૦—(૩૮) મુનિને લાકડી રાખવાનું શું પ્રયોજન?

ઉ૦—નદી ઉતરતી વખતે જલનું પ્રમાણ જોવા માટે અને ટેકો દેવા માટે લાકડી રાખવી પડે છે. ॥૩૮॥

પ્ર૦—(૩૯) સ્રીપુરુષને મૈથુનની ઇચ્છા કેમ થાય?

ઉ૦—સ્રીપુરુષને મૈથુનની ઇચ્છા વેદના વિકારથી થાય છે. જ્યારે પુરુષવેદનો ઉદય હોય ત્યારે સ્રીને ઇચ્છે છે, જ્યારે સ્રીવેદનો ઉદય થાય ત્યારે પુરુષને ઇચ્છે છે. નપુંસક વેદનો ઉદય થાય ત્યારે સ્રી પુરુષ બંનેને ઇચ્છે છે. ॥ ૩૯ ॥

પ્ર૦—(૪૦) મરુદેવી અધ્યયન કહેતાં વીર ભગવાન્ મોક્ષે ગયા તો તે અધ્યયન શેમાં છે?

ઉ૦—તે અધ્યયન સંપૂર્ણ થયું નહોતું, તેથી ગણધરોએ વિચ્છેદ કર્યું છે. ॥ ૪૦ ॥

પ્ર૦—(૪૧) ઇન્દ્રે નમિરાજર્ષીને વિવિધ વચનોવડે છેતર્યા, તેમાં ઇન્દ્રનું સમ્યક્ત્વ દૂષિત થયું કે નહિ?

ઉ૦—ઇન્દ્રનું સમ્યક્ત્વ દૂષિત થયું નથી, પરિણામની પરીક્ષા કરવા માટે અને સ્થિર કરવાને માટે એ વચન કહ્યા હતા, પરંતુ કંઇ અંતઃકરણથી કહ્યા નહોતા-શિષ્યની ગંભીરતા જોવાને માટે આમ્રફલ ખા એમ કહેનાર આચાર્યની માફક જાણવું. ॥૪૧॥

પ્ર૦—(૪૨) ધર્મકથામાં સાર્થવાહે પુત્રીનું ભક્ષણ કર્યું આ વાત આર્ય મનુષ્યને માટે કેમ સંભવે?

ઉ૦—આ તો કેવલ ઉપનય માત્ર દેખાય છે, એમાં વાસ્તવિકતા જેવું કશુંય નથી ॥ ૪૨ ॥

પ્ર૦—(૪૩) વિધિના અનુષ્ઠાન (ક્રિયા) સિવાય જિનમંદિરમાં શ્રાવક ચૈત્યવંદન કરતી વખતે ઇરિયાવહી પડિક્કમે કે નહિ?

ઉ૦—જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી વંદન ત્રણ પ્રકારે થાય છે, ફરી એક એકના ત્રણ ત્રણ ભેદ કરીએ, ત્યારે નવ ભેદ થાય, બે હજાર ને ૭૪ અધિકારયુક્ત એવા નવમા ભેદને વિષે તો અવશ્ય ઇરિયાવહિ પડિક્કમવા જોઇએ, અન્યત્ર બીજે સ્થળે તો વિધિવાળાને કેટલાક ભેદોમાં ઇરિયાવહિ પડિક્કમવાની કહેલ છે, તેમાં પણ "हत्थसयाओ मज्झं" ઇત્યાદિ ગાથાના પ્રમાણથી આઠ ભેદોમાં સો હાથની અંદર ઉપયુક્ત વિધિવાળાને પણ ગમનાગમન આલોવવાનું એટલે ઇરિયાવહિ પડિક્કમવાનું કહ્યું નથી, બીજાઓ તો અતિશયને લીધે અથવા વૃદ્ધ સંપ્રદાયથી કરે છે ॥૪૩॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—(૪૪) ઉત્કૃષ્ટચૈત્યવંદનમાં ઇરિયાવહિ પડિક્કમવાનું કહ્યું છે, તો જિનમંદિર જવામાં શું કલંક લાગ્યું જેથી ઇરિયાવહિ પડિક્કમવાનું કહ્યું ?

ઉ૦—જિનમંદિર જવામાં કલંક લાગ્યું એમ ન બોલવું, ક્રિયાવિધિમાં સંભ્રમ અને આત્મશુદ્ધિને માટે જિનેશ્વર દેવે ઇરિયાવહિ પડિક્કમવાનું કહ્યું છે, પણ જિનમંદિર જવામાં કંઇ પાપ લાગતું નથી, જિનમંદિર જવામાં તો પગલે પગલે નિર્જરા કહી છે, એમ જાણવું. ॥ ૪૪ ॥

પ્ર૦—(૪૫) સાધુઓને દ્રવ્ય પૂજા કરવી કે નહિ ?

ઉ૦—સાધુએ દ્રવ્ય પૂજા કરવી નહિ. જો કરે તો મહાનિશીથમાં કહેલ દોષ લાગે. ॥ ૪૫ ॥

પ્ર૦—(૪૬) કેટલાક કહે છે કે ઇન્દ્રભૂતિ આદિનું ક્ષત્રિય કુલ હતું તે કેમ ?

ઉ૦—આ વાત અસત્ય જ છે. ભગવાને કહ્યું છે "हे इन्द्रभूते ! त्वया वेदपाठकृतं, न त्वर्थं वेत्सि" હે ઇન્દ્રભૂતિ, તેં વેદપાઠ કર્યો છે પણ તેનો અર્થ જાણતો નથી, એ વાક્યથી ક્ષત્રિયોને વેદપાઠ હોતો નથી, તે તો બ્રાહ્મણોને જ હોય છે ॥ ૪૬ ॥

પ્ર૦—(૪૭) સૂર્યાભદેવે ભગવાનને કહ્યું કે મારી ભક્તિથી ગૌતમાદિ મુનિયોને નાટ્યવિધિ દેખાડું, તેમાં મુનિયોને તો કૌતુક જોવાનો અભાવ છે તો પછી સમ્યગદૃષ્ટિદેવે એમ કેમ કહ્યું ?

ઉ૦—મુનિયોને તો ઉત્સુકતાનો અભાવ છે, પરંતુ જે ક્રિયાવડે દેવશક્તિ મેળવી છે તે જણાવવા માટે કહ્યું છે, કેટલાક અનવસ્થિત મનવાળા જીવો એ ઋદ્ધિ જોઇને ક્રિયા કરે છે, અથવા જિનેશ્વર દેવનો મહિમા જોઇને ઘણા લોકો ધર્મ પામે છે એવી બુદ્ધિથી દેવે મુનિઓને ઉદ્દેશીને નાટક કર્યું હતું, જિન-મહિમા જોવામાં શું દોષ ? ॥ ૪૭ ॥

પ્ર૦—(૪૮) હરિણગમેષી દેવે વીર ભગવંતનું હરણ કેવી રીતે કર્યું ?

ઉ૦—માતાના ગર્ભપ્રસુતિદ્વાર દ્વારાએ કાઢીને હસ્તસંપુટમાં ધારણ કરીને હરણ કર્યું હતું ॥૪૮॥

પ્ર૦—(૪૯) મુનિઓને આક્રોશવાળું વચન બોલવાનો નિષેધ કર્યો છે તો પછી કેશીગણધરે પ્રદેશીરાજાને 'જડમૂખ'' એવા શબ્દો કેમ કહ્યા ?

ઉ૦—હિતશિક્ષા માટે કઠોર વચન કહેવામાં આવે તો તે દોષને માટે નથી. ॥ ૪૯ ॥

પ્ર૦—(૫૦) ધર્મકાર્યમાં માયા ન કરવી જોઇએ, તો પછી ચિત્રક મંત્રીએ પ્રદેશી રાજાની સાથે અશ્વ-પ્રપંચરૂપ માયા શા માટે કરી ?

ઉ૦—પ્રશસ્ત માયા તો અવસરે સાધુઓને પણ કરવી જોઇએ, તે પ્રમાણે શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રમાં પણ કહ્યું છે કે "जं बद्धमिंदिएहिं चउहिं कसाएहिं अप्पसत्थेहिं" આ પ્રશસ્ત ઇન્દ્રિયો અને ચાર કષાયોવડે જે કર્મ બાંધ્યું હોય તેને હું નિન્દું છું, આ વચનથી અપ્રશસ્ત માયા નિન્દનીય છે, પ્રદેશી રાજાને ધર્મ પ્રાપ્ત કરાવવાને માટે કરેલી પ્રશસ્ત માયા, તે અમાયા જ છે. ॥ ૫૦ ॥

પ્ર૦—(૫૧) મેરુપર્વત કયા લોકમાં ગણાય ?

ઉ૦—મેરુપર્વત એક હજાર યોજન જમીનમાં નીચે છે, અઢારસો યોજન તિર્છો અને બાકીનો ઊર્ધ્વલોકમાં છે, તેથી મેરુપર્વત ત્રણે લોકમાં ગણાય એમ કહેવું ॥ ૫૧ ॥

પ્ર૦—(૫૨) મેરુપર્વતની છાંયા કયા સ્થાનમાં પડે છે ?

ઉ૦—મેરુપર્વતની છાંયાનો જ અભાવ છે. શી રીતે ? મેરુપર્વતની ઊંચાઈ સત્તાણું હજાર અને બસો યોજન છે, સૂર્ય અને ચંદ્ર સ્ત્રીના પગના અલંકારની માફક મેરુપર્વતની ચારે બાજુ ફરે છે તેથી મેરુ પર્વતને પ્રકાશિત કરતા નથી, પરંતુ મેરુપર્વત સ્વયં પોતે જ વિવિધ પ્રકારના રત્નની કાન્તિવડે શોભે છે, તેથી મેરુપર્વતની છાયાનો અભાવ છે. ॥૫૨॥

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજ્ઞાનનો અંજામ

મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી

અજ્ઞાનથી સાચા દુશ્મનો ઓળખાતા નથી. શત્રુઓમાં મિત્રનો અને મિત્રોમાં શત્રુનો આભાસ થઈ જાય છે. ખરું જોતાં આત્માને એકાંતે અહિતકારી એવા દુન્યવી પદાર્થો આપણને સુખના સાધનરૂપ દેખાય છે, પણ આપણા ગળામાં જન્મ–મરણ–રોગ–શોકાદિનો કારમો ફાંસો ઘાલતા એ દુષ્ટો આપણાથી ઓળખી શકાતા નથી. અજ્ઞાને સંસારમાં દુઃખના દાવાનળ સળગાવેલ છે. સ્પષ્ટ છે કે **સઘળા ય દુઃખનું કારણ અજ્ઞાન જ છે.** જ્ઞાનના પ્રતાપે અજ્ઞાન હઠી શકે છે, મિથ્યાત્વ મરે છે, શત્રુ–મિત્રનું ભાન થાય છે, જીવનમાંથી દુરાચાર નષ્ટ થાય છે, સદાચાર જીવનમાં પ્રકટે છે, દુઃખ અદશ્ય થાય છે અને સુખ સ્વયં પ્રાપ્ત થાય છે.

પ્રાચીન સમયની વાત છે. વિશાળ અને મનોહર સમૃદ્ધિશાળી સુંદરપુર નામની નગરીમાં પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી પ્રજાપાલ રાજા રાજ્ય કરતો હતો. તેને સુદર્શના નામે શીલવતી રાણી હતી, રાજા નીતિમાન તેમજ પ્રજાના રક્ષણમાં તત્પર હોવાથી પ્રજા પણ આનંદ–પ્રમોદમાં દિવસો પસાર કરતી હતી.

તે નગરીમાં એક શ્રીમંત સુખી શેઠ વસતા હતા. તેને ધાર્મિક સ્ત્રી અને એકનો એક વ્હાલો છ માસનો પુત્ર હતો. પ્રચંડ પાપોદયે શેઠની સ્થિતિ પલટાઈ. **નિર્ધનતાની સાથે ચાલનારા મિત્રસમા લઘુતા, નિંદા, અપમાન, તિરસ્કાર અને ધિક્કાર** લોકમાં અને સગાસંબંધીઓમાં થવા લાગ્યા. આવા નિર્ધનતાના દુઃખોથી હેરાન–પરેશાન થતાં, સ્ત્રીને ઘણું સમજાવી, ભાગ્ય અજમાવવા શેઠ પરદેશ વેપાર ખેડવા ઉપડી ગયા. પરદેશમાં વેપાર સારો જામ્યો. વેપાર સારી રીતે ચાલતા ભાગ્યોદયે બાર વર્ષે શેઠજી કોટ્યાધિપતિ બની ગયા. હવે પરદેશનો વેપાર સમેટી વ્હાલા પુત્રને મળવા અને તેના પાણિગ્રહણ આદિ કાર્યો માટે વતનમાં પાછા આવવાની શેઠને ભાવના જાગી.

ઘેર કાગળ લખ્યો, અને સઘળીય પરિસ્થિતિની જાણ કરાવતાં લખ્યું કે–પાંચમના દિવસે હું ઘેર આવી પહોંચીશ. ઘેર કાગળ આવ્યો. દીકરો પોતાના બાપ સંબંધી કંઈ હકીકત જાણતો ન હોવાથી માતાએ બધી હકીકત જણાવી. છોકરો વિનીત હતો. માતાના કહેવાથી બાપને લેવા માટે સામે ગયો. થોડે દૂર જઈ ધર્મશાળામાં ઉતરી પિતાની આવવાની રાહ જોવા લાગ્યો. પણ... થોડી વારમાં તેને પેટમાં અત્યંત શૂળનું દરદ ઉપડી આવતાં, તે કારમી ભયંકર ચીસો પાડવા લાગ્યો. ત્યાં ઉતરેલા લોકોએ ઉપચાર કર્યો, પણ કંઈ ફાયદો થયો નહિ. એટલે તેની સારવાર માટે દયાળુ લોકોએ વૈદ્ય પાસે જઈ સઘળી હકીકત કહી. રૂપીયા બસો આપવા પડશે તેમ વૈદ્યે કહ્યું એટલે લોકોએ જણાવ્યું કે ટીપ કરી રૂપીયા ભેગા થઈ શકશે તો તમને અમો બોલાવીશું.

ટીપ શરુ કરી. ટીપમાં માંડમાંડ રૂા. ૧૫૦ એકત્રિત થયા. હવે માત્ર રૂા. ૫૦ બાકી રહ્યા. ત્યાં તો એક મોટા શ્રીમંત શેઠ રસાલા સાથે ધર્મશાળાએ આવી ઉપર દીવાનખાનામાં ઉતર્યા, ને જલસો, નાચ, સંગીત વિગેરે ચાલુ કર્યા. દયાળુ લોકો શેઠ પાસે જવા વિચારે છે, પણ ભપકો–દેખાવ–આડંબર વિગેરે જોઈને હિંમત હારી શેઠજીની નજીક ન જતાં બારણામાંથી જ પાછા ફરે છે. પણ છોકરાની પરિસ્થિતિ બહુ જ શોચનીય થઈ જવાથી, "પોતાને માટે ક્યાં જવું છે? આપણે તો **પરહિત માટે જ જઈએ છીએ, એમાં શરમ શી? શરમ રાખે તો સેવા થાય જ નહિ,"** એમ વિચારી હિંમતભેર શેઠજીની પાસે તો ગયા. પણ શેઠજી તો કંઈ વાત પણ સાંભળતા નથી. ઉલટા એમ બોલ્યા: બેવકૂફો! આ અવસર છે? ભાન છે? રંગમાં ભંગ ક્યાં કરો છો? એવા વાક્યો કહી તિરસ્કાર કરી કંઈ પણ આપ્યા વિના કાઢી મૂક્યા એટલે તેઓ દુઃખિત હૃદયે પાછા ફર્યા. છોકરાને પીડા તો વધવા જ માંડી. વૈદ્યના ઉપચારો કરાવી શકાયા નહિ જેથી છોકરો મરણને શરણ થયો. આકસ્મિક મરણથી પોલિસે આવી તપાસ કરી તો તેના ખિસ્સામાંથી કાગળ નિકળ્યો. બધાને પૂછપરછ કરતાં, પોલિસે તે મોટા શેઠને પૂછ્યું: તમે કોણ છો? શું નામ? આ છોકરા સાથે તમને કંઈ સંબંધ છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકા

લેખક : ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી

સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું એ કેટલું કઠીન છે તે આઠ દ્રષ્ટિસજ્ઝાયની પ્રથમની ચાર દ્રષ્ટિ–મિત્રા, તારા, બલા અને દીપ્રાનું વર્ણન વાંચતા આપણે જોઈ શકીએ છીએ કે તેની પૂર્વ ભૂમિકામાં સાધકે કેટલી બધી તૈયારી કરવાની હોય છે અને તેના પુરાવારૂપે દીપ્રાદ્રષ્ટિની ૨૨ મી ગાથાનું વર્ણન તેની મહત્તા સમજાવવામાં આપણને માર્ગદર્શક થઈ પડશે.

ચોથી દીપ્રાદ્રષ્ટિની ૨૨ મી ગાથા—

**ધર્મ ક્ષમાદિક પણ મટેજી પ્રગટ ધર્મ સંન્યાસ,**
**તો ઝગડાં ઝાંટાતણોજી, મુનિને કવણ અભ્યાસ?**

**ભાવાર્થ:**—ક્ષમાદિક ધર્મ–ક્ષાયોપશમિક ભાવો પણ તાત્ત્વિક ધર્મ સંન્યાસ યોગ પ્રગટ થયે નષ્ટ થાય છે તો પછી મુનિને ઝગડા–ઝાંટાતણો શો અભ્યાસ હોય? અર્થાત્ જ્યાં પરમ પ્રશસ્ત એવા ધર્મ સંબંધી પણ આગ્રહ, વિસંવાદ, ઝઘડા છૂટી જાય છે. ત્યાં પછી બીજા શબ્દભેદ આદિના ઝઘડાનો અવકાશ જ કયાં રહ્યો? આ અર્થ પૂર્વાપર સંબંધનો ખ્યાલ રાખી વિચાર કરવાનો છે, કારણ કે તેની પહેલાની ગાથામાં એમ કહ્યું છે કે "શબ્દભેદ ઝઘડો કિસ્યો જી?" ઇત્યાદિ. તેના સમર્થનમાં આ વાત કરી છે, એટલે આ મુદ્દો ખાસ લક્ષમાં રાખવાનો છે.

બીજી રીતે ધર્મ સંન્યાસ પ્રગટયે ક્ષયોપશમભાવ-રૂપ ધર્મો ટળે છે. એ વાત કાંઇ એમ બતાવવા માટે નથી કરી કે અત્રે ચોથી દ્રષ્ટિમાં ધર્મ સંન્યાસયોગ પ્રગટે છે. શાસ્ત્રકારનો એવો આશય છે જ નહીં. આ દ્રષ્ટિમાં ધર્મ સંન્યાસયોગ પ્રગટવાનો અસંભવ જ છે, એની પ્રાપ્તિ તો હજુ ઘણી દૂર છે. ધર્મ સંન્યાસની વાત તો દૂર રહો, હજુ અત્રે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી. મિથ્યાત્વ ગુણ જ વર્તે છે. અત્રે આ સામાન્ય સમર્થન માટે ધર્મ સંન્યાસ યોગનું ઉદાહરણ ટાંકયું છે કે જુઓ, આ તાત્ત્વિક ધર્મ સંન્યાસયોગ જેવી ઉચ્ચદશા જેની પ્રગટી હોય છે એવા મહાયોગીઓને

---

શેઠે કાગળ ઓળખ્યો કે તે તો મારો પોતાનો જ લખેલો છે પછી છોકરાને બરોબર જોયો તો નિશાની ઉપરથી લાગ્યું કે 'એ મારો જ દીકરો છે,' એમ જાણી શેઠ તો મોટી પોક મૂકી રુદન કરવા લાગ્યા. શેઠ પુત્રને સુખી બનાવવાના કોડ સેવતા હતા, પણ અજ્ઞાનતાના કારણે છોકરાનું દુ:ખ દૂર કરાવી શકયા નહિ. પ્રત્યક્ષ હાજર હોવા છતાં અજ્ઞાનતાથી પોતાના એકના એક પ્યારા પુત્રનો પિતા કંઇ ઉપાય ન કરાવી શકયા. પુત્રને જો ઓળખ્યો હોત તો આમ ન જ બનત. વ્યાવહારિક અજાનતાથી શેઠ પોતાના એકના એક પુત્રને હારી ગયા, અને એ એક ભૂલને માટે જીવ્યા ત્યાં સુધી રોજ એ અજ્ઞાનતાનો કરુણ પ્રસંગ યાદ કરી જિંદગી પર્યંત દુ:ખ અનુભવતા રહ્યા. આ તો આ જ જીવનનું આપણને ભયંકર દુ:ખ લાગે છે. તો **આત્માના અજ્ઞાનતાના દુ:ખો જે ભવોભવ સુધી પણ ભોગવવા પડે તેને કેટલા ભયંકર ગણવા?** પ્રકાશ વિના અંધકાર દૂર થઇ શકતો જ નથી. તેમજ જ્ઞાનરૂપ પ્રદીપ વિના અજ્ઞાનરૂપ અંધકાર હઠી શકતું નથી, માટે વિવેકી આત્માએ જીવનમાં આગમવચનોના શ્રવણ દ્વારા જ્ઞાનદીપક પ્રગટાવવા અવશ્ય વારંવાર અવિરત પ્રયત્ન કરવો જોઇએ.

શેઠાણીએ આ અજ્ઞાનના અંજામ કે માનવતામાં પાશવતાથી વૈરાગ્ય પામી પ્રવ્રજ્યાના પુનીત પંથે પ્રયાણ કરી, આત્મકલ્યાણ સાધી આત્મા અમર બનાવ્યો. માનવતાનો વિકાસ એ જ ધર્મ, એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ. અજ્ઞાનથી માનવમાં કેવી પાશવતા કે દાનવતા પ્રગટે છે અને સંસારમાં તેનો કેટલો કરુણ અંજામ આવે છે, તે આ કથા કહી જાય છે. ચારિત્ર વગરનું કેવળ બુદ્ધિબળ વિશ્વાસલાયક નથી. તે અધર્મ–અનાચારમાં પરિણમી ભારે અનર્થ પણ કરી બેસે. સદાચાર ચારિત્ર સર્વસ્વ છે. તે વગર બુદ્ધિ-બળ કે દ્રવ્યસંપત્તિ નિર્માલ્ય અને નિસ્તેજ જેવા દેખાય છે. સૌ જ્ઞાન–વિવેક –દીપક– પ્રગટાવે એ જ મહેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ધર્મ' પણ મટી જાય છે અને તેઓને પણ તત્સંબંધી આગ્રહ હોતો નથી, તો પછી એથી હજુ ઘણી ઉતરતી દશાવાળા સાધક મુમુક્ષોઓને તો માત્ર શબ્દભેદ આદિના ઝઘડા શ્યા? માટે ક્યાંય પણ કોઈ પણ પ્રકારનો કાંઇ પણ આગ્રહ, અભિનિવેશ કર્તવ્ય નથી. એ જ સાર-બોધ આ ઉપરથી ફલિત થાય છે.

**વિશેષ સ્પષ્ટાર્થ**–જ્યાં સુધી આત્માને અવ્યક્ત મિથ્યાત્વનો ઉદય હોય છે ત્યાં સુધી તેનું જ્ઞાન પણ અવ્યક્ત છે અને અવ્યક્ત જ્ઞાનને અંગે-ધર્મ, અધર્મ, સુદેવ, કુદેવ, સુગુરુ, કુગુરુ, સ્વપરવિવેક, રુચિ, અરુચિ ઇત્યાદિ વિષયોમાં સર્વથા તેનું અવ્યક્તપણું જ છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વિગેરે ભવોમાં તે અવ્યક્ત જ્ઞાનમાં હેતુવાદોપદેશિકી સંજ્ઞા જેટલો ફારફેર થાય છે. છતાં અવ્યક્ત દશાનો અંશ વધુ છે. સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં અવ્યક્ત દશાને બદલે વ્યક્ત દશા હોય છે પરંતુ અનાદિ મિથ્યાત્વના ઉદયને અંગે એ વ્યક્ત દશાંમાં બુદ્ધિનો, શક્તિનો કેવળ વિપર્યાસ જ હોય છે. ભવ્યત્વ દશાનો જ્યારે પરિપાક થાય ત્યારે ઓઘી દષ્ટિએ સાચા-જૂઠા, શુદ્ધ-અશુદ્ધ ધર્મ ઉપર તે આત્માને રુચિ ઉત્પન્ન થાય છે, છતાં હજુ સમ્યગ્-દર્શનની પ્રાપ્તિના અભાવે શુદ્ધ-અશુદ્ધ ધર્મ ઉપર મતાગ્રહ બુદ્ધિ વધુ પ્રમાણમાં હોય છે. અશુદ્ધ ધર્મમાં મતાગ્રહ બુદ્ધિ નુકશાનકારક અવશ્ય હોય પણ શુદ્ધ ધર્મમાં પણ મતાગ્રહ બુદ્ધિ અમુક અપેક્ષાએ હાનિ-કારક છે. જુદા જુદા મહાન્ પુરુષોના વચનો અપેક્ષાથી ભરેલાં હોય છે, તે અપેક્ષા ન સમજતાં પોતે જેનો અનુયાયી છે તે વ્યક્તિએ કહેલું તે જ સાચું, જ્યારે બીજી વ્યક્તિએ કહેલું તે બધું ખોટું-આવો મતાગ્રહ બંધાઈ જાય છે. આ ચોથી દષ્ટિમાં દાખલ થયેલા આત્માને હજુ ગ્રંથીભેદ થયો નથી પણ ગ્રંથીભેદની સન્મુખપણું છે. ગ્રંથીભેદની તૈયારી છે અને એ ગ્રંથીભેદ થયા બાદ સમ્યગ્દર્શનરૂપી સૂર્યોદય તેને અવશ્ય થવાનો છે એટલે આ ચોથી દષ્ટિમાં લગભગ 'અરુણોદય' જેવી અવસ્થા છે. એ અવસ્થામાં (દીપ્રાદષ્ટિમાં) ભલે કોઇ વિષ્ણુને પરમાત્મા કહે, કોઇ મહાદેવને પરમાત્મા કહે કે કોઇ બ્રહ્માને પરમાત્મા કહે; યાવત્ કોઇ જિનેશ્વરને પરમાત્મા કહે પરંતુ જિનેશ્વર અથવા અરિહંત જેનું નામ છે એ જ પરમાત્મા. અને બીજા વિષ્ણુ, બ્રહ્મા વિગેરે નામથી ઓળખાતા પરમાત્મા ન જ હોય એવો આગ્રહ ન હોઇ શકે. : અપેક્ષાએ, અર્થાત્-बुद्धस्त्वमेव विबुधार्चित-बुद्धिबोधात्-ઇત્યાદિ શ્લોકના ભાવ મુજબ, બુદ્ધમાં, વિષ્ણુમાં કે બ્રહ્મામાં કે મહાદેવમાં પણ પરમાત્મ તત્ત્વનો સમન્વય કરવાની સદ્બુદ્ધિ પ્રગટ થયેલ હોય. મત-મતાંતર, ગચ્છ-ગચ્છાંતર પ્રતિ અસહિષ્ણુતા ભાવ તેના અંતઃકરણમાં ન હોય, કારણ કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ ચારિત્ર ગ્રહણ કરતા સાથે જ્યારે અપ્રમત્ત દશાએ પહોંચશે અને વીતરાગ દશા તરફ વધુ પુરુષાર્થ પ્રગટ થશે ત્યારે તો ક્ષયોપશમ ભાવ-જન્ય અમુક ધર્મો, જેવા કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષયોપશમજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર, ક્ષાયોપશમિકભાવ કે ઉપશમભાવની ક્ષમા એ પણ છૂટી જવાની છે તો ભવિષ્યમાં એ અવસ્થાએ પહોંચનાર આત્માને (ભલે હજુ વર્તમાન દીપ્રાદષ્ટિમાં, સમ્યગ્દર્શન નથી થયું તો પણ સમ્યક્ત્વની પૂર્વાવસ્થા હોવાથી) ગ્રંથી-ભેદ સન્મુખ અવસ્થાકાળમાં જૈન ધર્મની પ્રાપ્તિમાં પણ મતાગ્રહ બુદ્ધિ ન હોય–

**'ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ.'** એ પદ દીપ્રાદષ્ટિની અવસ્થા માટેનું નથી પણ ભવિષ્યમાં પ્રાપ્ત થનાર ક્ષાયિકભાવની અવસ્થા માટેનું હોય તેમ સંભવે છે. એક મનુષ્યને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવા માટે જેમ કોઇ વખતે કહેવાય છે કે-ભાઇ, તારે જો ભવિષ્યમાં આ સ્થિતિએ પહોંચવાનું છે તો અત્યારથી આવા મતાગ્રહની સ્થિતિમાં રહીશ તો ભવિષ્યમાં કેમ આગળ પહોંચાશે? અને એ તો નક્કી છે કે મોક્ષ પ્રાપ્ત કરવાનો ટાઇમ નજીક આવે છે ત્યારે ક્ષાયોપશમિકભાવના ક્ષમાદિ સર્વ ધર્મોનો અભાવ થાય છે અને ક્ષાયિક ભાવના જ સર્વ ક્ષમાદિ ધર્મો જે આત્માના સંપૂર્ણ સ્વભાવરૂપ છે તે પ્રગટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જ બાબત યોગદ્રષ્ટિસમુચ્ચયમાં ચોથી દીપ્રા દ્રષ્ટિના અધિકારમાં આવે છે.

निश्चयोऽतीन्द्रियार्थस्य, योगिज्ञानादृतेन च ।
अतोऽप्ययत्रान्धकल्पानां, विवादेन न किञ्चन ।१४३।

સર્વજ્ઞપણું વિગેરે અતીન્દ્રિય ભાવોનો નિર્ણય વિશિષ્ટ જ્ઞાનસંપન્ન યોગી પુરુષોના જ્ઞાન સિવાય થતો નથી. તેવા યોગીઓના જ્ઞાનથી જ સર્વજ્ઞપણું વિગેરે અતીન્દ્રિય પદાર્થોની સિધ્ધિ છે તેથી "અન્ય કલ્પના" એટલે સંપૂર્ણ તત્વને નહી જાણનારા એવા આત્માઓને માટે અમુક સર્વજ્ઞ અને અમુક સર્વજ્ઞ નહિ એવો વિચાર કરવાથી કાંઇ ફળ આવતું નથી.

न चानुमानविषय, एषोऽर्थस्तत्त्वत: मत: ।
न चाऽतो निश्चय: सम्यगन्यत्राऽप्याह धीधन: ।१४४।

સર્વજ્ઞપણું વિગેરે અતીન્દ્રિય ભાવોની સિદ્ધિ માટેનો જે આ વિષય છે તે અનુમાનથી પણ સિદ્ધ થઇ શકતો નથી. ધૂમથી અગ્નિનું જેમ અનુમાન થાય છે અને અગ્નિની સિદ્ધિ થાય છે તેવી રીતે અનુમાન પ્રમાણથી પણ સર્વજ્ઞપણું વિગેરે અતીન્દ્રિય ભાવો સિદ્ધ થવા ઘણા મુશ્કેલ છે, એ માટે બુદ્ધિમાં નિધાન સરખા શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ પણ અન્યત્ર ફરમાવે છે કે-

यत्नेनाऽनुमितोऽप्यर्थ: कुशलैरनुमातृभि: ।
अभियुक्ततरैरन्यै-रन्यथैवोपपाद्यते ॥१४५॥

ન્યાય શાસ્ત્રમાં પ્રવીણ અને અનુમાન પ્રમાણના વિષયને સારી રીતે જાણનારા પંડિતોએ કોઇ પદાર્થની, પરિશ્રમથી, અર્થાત્ યુક્તિ-પ્રયુક્તિથી સારી રીતે હેતુઓ, દલીલો, આપીને સિદ્ધિ કરી હોય પણ બીજા પંડિતો તે જ સિદ્ધ થયેલી બાબતની સામે બીજી દલીલોથી બીજી રીતે પણ સિદ્ધ કરી બતાવે છે-

ज्ञायेरन्हेतुवादेन, पदार्था यद्यतीन्द्रिया:
कालेनैतावता प्राज्ञै:, कृत: स्यात्तेषु निश्चय: ॥१४६

સર્વજ્ઞપણું વિગેરે અતીન્દ્રિય ભાવો જો હેતુવાદ હોય તો તે અનુમાન પ્રમાણના જ્ઞાનમાં આગળ વધેલા પંડિતોએ આટલા સમયમાં ક્યારનોય એ વિષયો પરત્વે નિર્ણય કરી લીધો હોત.

न चैतदेवं यत्तस्मा--च्छुष्कतर्कग्रहो महान् ।
मिथ्याभिमानहेतुत्वात्, त्याज्य एव मुमुक्षुभि: ॥१४७

જ્યારે તે પ્રમાણે અનુમાનવાદીઓથી નિર્ણય કરવાનું આજ સુધી બન્યું નથી માટે અમુક સાચું અને અમુક ખોટું એવો જે શુષ્ક તર્કયુક્ત મહાન આગ્રહ એ મિથ્યાભિમાનનું કારણ હોવાથી મુમુક્ષુ આત્માઓએ અવશ્ય તજવા યોગ્ય છે.

ग्रह: सर्वत्र तत्त्वेन, मुमुक्षुणामसङ्गत: ।
मुक्तौ धर्मा अभिप्राय-स्त्यक्तव्या: किमनेन तत् १४८

માટે સર્વ અર્થાત્ સાચા-ખોટા સર્વ વિષયોમાં મુમુક્ષુ આત્માઓએ પરમાર્થથી આગ્રહ રાખવો એ અસંગત છે એટલે કે ઉચિત નથી; કારણ કે મુમુક્ષુ આત્માને ભવિષ્યમાં મુક્તિ થવાના પ્રસંગમાં ક્ષયોપશમભાવના ધર્મો પણ ત્યાગ કરવા લાયક થવાના છે, તો પછી મુક્તિના બીજક તરીકેની આ દીપ્રા દષ્ટિમાં સાચા ધર્મનો પણ એને મતાગ્રહ કેમ હોય ?

મતાગ્રહના નિષેધનો અર્થ અહીં એ લેવાનો છે કે સાચી વસ્તુની શ્રદ્ધા ભલે હોય, પણ આ જ સાચું, એ સિવાય બીજું બધું ખોટું જ એવી માન્યતા ન હોય અને તેવી માન્યતા હોય તો આ દીપ્રાદષ્ટિ ન ઘટી શકે.

આ બધામાંથી તારવણી તો એક જ થાય કે-- સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદની અવસ્થા ઉચ્ચકોટીની હોય પણ તે અગાઉની અવસ્થા પણ કેવી હોય ? અથવા આત્મા કેવા નિરાગ્રહીપણામાં આવે ત્યારે સમ્યગ્દર્શન પામી શકે ? જ્યારે આજે આપણી કેવી મનોદશા છે ?

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મલાભ અને વર્તમાન યોગ

( ૨ )

શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.

નવમા નંદના શકટાલ મંત્રીનો, એના પુત્ર શ્રીયકને હાથે વધ થતાં, એ નંદે શ્રીયકને મંત્રી બનવા કહ્યું ત્યારે એણે પોતાના મોટા ભાઈ સ્થૂલભદ્રનું નામ દીધું. એ ઉપરથી સ્થૂલભદ્રને રાજાએ બોલાવી મંત્રી થવા કહ્યું. સ્થૂલભદ્રે કહ્યું કે—હું વિચાર કરીને જવાબ આપીશ. આજે જ વિચાર કરવો એવો રાજાનો હુકમ થતાં સ્થૂલભદ્રે વિચાર કરી, લોચ કરી એઓ નંદરાજાની સભામાં ગયા અને 'મેં વિચાર કર્યો છે, તમને ધર્મલાભ હો' એમ એમણે કહ્યું. આમ પરિશિષ્ટપર્વ(સ. ૮)માં વૃત્તાંત છે. તેમાં 'ધર્મલાભ'ને લગતું પદ્ય નીચે પ્રમાણે છે:—

"ततश्च स महाभागो गत्वा सदसि पार्थिवम् ।
आलोचितमिदं धर्मलाभः स्तादित्यवोचत ।।७७।।"

શ્રેણિક નરેશ્વરના પુત્ર નંદિષેણે દીક્ષા લીધા બાદ એક વેળા ખ્યાલ નહિ રહેવાથી વેશ્યાના ઘરમાં ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. અને 'ધર્મલાભ' એવા શબ્દ ઉચ્ચાર્યા. એ સાંભળીને વેશ્યાએ ઉપહાસ કરતાં, વિકારને લઈને ઉત્તર આપ્યો કે—મારે ધર્મલાભનો ખપ નથી; મને તો કેવળ [13]દ્રમ્મ-લાભની એટલે દ્રવ્યના લાભની જરૂર છે.

આ પ્રમાણેની હકીકત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (સર્ગ ૬, શ્લો. ૪૨૪-૪૨૫)માં અપાયેલી છે. એ શ્લોકો નીચે મુજબ છે.

अनाभोगदोषेण वेश्यावेश्म विवेश सः ।
'धर्मलाभ' इति वाचमुवाच च महामुनिः ।।४२४।।
न नोऽर्थो धर्मलाभेन द्रम्मलाभोऽस्तु केवलम् ।
इति वेश्या सोपहासं विकारात् प्रत्युवाच तम् ।।४२५।।

ભિક્ષાર્થે જનાર સાધુ કે સાધ્વીને કોઈ વહોરાવે યા ન પણ વહોરાવે તો પણ એઓ 'ધર્મલાભ' એવો આશીર્વાદ આપે. આ સંબંધમાં હું દસવેયાલિય(અ. ૮, ગા. ૨૩)ની હારિભદ્રીય ટીકા (પત્ર ૨૩૧ આ)માંથી નિમ્નલિખિત પંક્તિ ઉધ્ધૃત કરું છું.

"न च भोजने गृद्धः सन् विशिष्टवस्तुलाभायेश्वरादिकुलेषु मुखमङ्गलिकया चरेत्, अपि तु उञ्छं भावतो ज्ञाताज्ञातमजल्पनशीलो धर्मलाभ मात्राभिधायि चरेत् ।"

આ ઉપરથી જાણી શકાય છે કે ભિક્ષાર્થે જનાર 'ધર્મલાભ' કહેવા સદા તૈયાર હોય છે. અને એ પ્રથા ઓછામાં ઓછા ૧૨૦૦ વર્ષો જેટલી તો પ્રાચીન છે જ.

એક વેળા સિધ્ધસેન દિવાકર જતા હતા. તેવામાં રાજમાર્ગે થઈને જતા વિક્રમાદિત્યે એમને જોયા અને એમના લક્ષમાં ન આવી જાય તેવી રીતે તેમને પ્રણામ કર્યા. સિધ્ધસેન દિવાકરે ઊંચે સ્વરે 'ધર્મલાભ' એમ રાજાને કહ્યું. એમની આ દક્ષતાથી પ્રસન્ન થયેલા રાજાએ પ્રીતિદાન તરીકે એક કરોડ સોનૈયાનું દાન કર્યું.

આ પ્રમાણે પ્રભાચન્દ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪ માં રચેલા પ્રભાવકચરિત્ર (શૃંગ ૮, શ્લો. ૬૧-૬૩)માં કહ્યું છે. વિશેષમાં અહીં કહ્યું છે તેમ એની નીચે મુજબ નોંધ લેવાઈ:—

"'धर्मलाभ' इति प्रोक्ते दूरादुद्धृतपाणये ।
सूरये सिद्धसेनाय ददौ, कोटिं नराधिपः ।।६४।।"

પ્રણામના બદલામાં રાજાને 'ધર્મલાભ' કહ્યાની હકીકત મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૩૬૧ માં રચેલા પ્રબન્ધચિન્તામણિમાં તેમ જ રાજશેખરસૂરિએ

13. પ્રાચીન સમયના 'ગ્રીક' સિક્કાને "Drachma" ('ડ્રાકમ') કહેતા હતા. એને માટે સંસ્કૃતજ્ઞોએ 'દ્રમ્મ' શબ્દ યોજ્યો હોવાનું મનાય છે. એ ઉપરથી પાઇયમાં દમ્મ અને ગુજરાતીમાં 'દામ' શબ્દ ઉદ્ભવ્યા છે. પૈસાના ચોથા ભાગને 'દમડી' કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૧૪૦૫માં રચેલા **ચતુર્વિંશતિપ્રબન્ધ** યાને **પ્રબન્ધકોશ**(પૃ. ૩૩–૩૪)માં જોવાય છે એટલું જ નહિ પણ **પ્રભાવકચરિત** કરતાં પ્રાચીન એવી બે અપ્રસિદ્ધ કૃતિઓમાં પણ છે. આ પૈકી એક કૃતિ તે ભદ્રેશ્વરસૂરિએ પાઇયમાં ગદ્યમાં રચેલી એવી **કહાવલી** છે, જ્યારે બીજી કૃતિ વિ. સં. ૧૨૯૧ પહેલાં રચેલી પદ્યાત્મક કૃતિ છે.

ઉપર્યુક્ત પ્રસંગની આસપાસ ઓછીવત્તી વિગતો આ વિવિધ કૃતિઓમાં જોવાય છે, પણ તે સાથે આપણને અહીં કશી નિસ્બત નથી. એટલે એ જતી કરાય છે.

**મહત્ત્વ:**–આશીર્વાદો જાતજાતના અપાય છે. જેમકે છોકરા હોજો, નીરોગી રહેજો, ઘણું જીવજો, માનમરતબો પામજો, અમનચમન કરજો, સુખ-સાહેબી ભોગવજો ઇત્યાદિ. આ બધા આશીર્વાદો સામાન્ય કોટિના અને એકાંતે લાભદાયી નથી. પ્રાયઃ સંસારને વધારનારા છે. ધર્મલાભરૂપ આશીર્વાદની વાત ન્યારી છે, કેમકે ધર્મની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે, ધર્મ મળ્યે શારીરિક અને માનસિક દુઃખો દૂર થાય છે, પાપનો નાશ થાય છે, સમસ્ત કલ્યાણ સિદ્ધ થાય છે, ઐહિક સુખસગવડો અને માનપાન આપોઆપ આવી મળે છે, સ્વર્ગ અને આગળ જતાં અપવર્ગ (મોક્ષ) પણ મળે છે અને ભયાનક સંસાર માંહેની રખડપટ્ટીનો સદાને માટે સંહાર થાય છે તેમજ સચ્ચિદાનંદ સ્વરૂપ સધાય છે.

**વિશિષ્ટતા:**—નૈયાયિકો એમના ગુરુને વન્દન કરતી વેળા "ॐ नमः शिवाय" એમ કહે છે. એના પ્રત્યુત્તર તરીકે ગુરુ "शिवाय नमः"[૧૪] કહે છે.

સાંખ્યો પોતાના ગુરુને "ॐ नमो नारायणाय" કહી વન્દન કરે છે. ત્યારે ગુરુ એમને 'नमो नारायणाय" કહે છે.[૧૫] મુસ્લિમોમાં "સલામો અલયકુમ" અને પ્રત્યુત્તર રૂપે "વ અલયકુમ સલામ" કહેવાની પ્રથા જોવાય છે. આથી એ ફલિત થાય છે કે 'ધર્મ-લાભ' કહેવાની પ્રથા જૈનોમાં જ છે અને એ એની વિશિષ્ટતા છે.

**અધિકારી:**—'ધર્મલાભ'રૂપ આશીર્વાદ આપવાનો અધિકાર સંયમ-ધર્મને પામેલ સાધુ-સાધ્વીને છે. એ આશીર્વાદ પહેલાથી પાંચમા ગુણસ્થાનક સુધીના જીવોને આપી શકાય.

**વર્તમાન યોગ:**—આ અર્થ દર્શાવવા ગુજરાતી-માં "વર્તમાન જોગ" એવો પ્રયોગ કરાય છે. આ પ્રયોગ ગુજરાતી ભાષાની ઉત્પત્તિના સમય કરતાં–વિક્રમની તેરમી સદી કરતાં તો પ્રાચીન હોઇ શકે નહિ એ દેખીતી વાત છે. પરંતુ "વર્તમાન યોગ" એ પ્રયોગ કે "વટ્ટમાણ જોગ" એવો પાઇય પ્રયોગ એથી પ્રાચીન સંભવે છે, જો કે એ જાતના પુરાવા મને હજી સુધી તો મળ્યા નથી. હેમચન્દ્રસૂરિએ "વર્તમાન યોગ" એવો પ્રયોગ કર્યાની વાત આ પૂર્વે આ લેખમાં મેં નોંધી છે.

સાધુ કે સાધ્વીને શ્રાવક કે શ્રાવિકા કુશળ સમાચાર પૂછે અને આહારપાણી માટે પોતાને ત્યાં પધારવા વિજ્ઞપ્તિ કરે–આમંત્રણ આપે ત્યારે એ સાધુ કે સાધ્વી એ આમંત્રણનો સ્વીકાર કે ઇન્કાર ન કરતાં "જેવો અવસર તેવી વાત" "તે સમયે જેવી અનુકૂળતા વર્તતી હશે તેમ"એ અર્થસૂચક ઉત્તર આપે છે. આ જાતનો ઉત્તર "સુગુરુ–સુખ–શાતા પૃચ્છા" કે "ગુરુ આમંત્રણ" તરીકે ઓળખાતા સૂત્રને અંગે જોવાય છે. આ સૂત્ર આજે જે સ્વરૂપે બોલાય છે તે જ સ્વરૂપે એ ક્યારથી પ્રચલિત છે તે જાણવું બાકી રહે છે.

૧૪. જુઓ ષડ્દર્શનસમુચ્ચય(શ્લો. ૧૨)ની વૃત્તિ નામે તર્કરહસ્યદીપિકા (પત્ર ૨૦ અ)

૧૫. જુઓ ષડ્દર્શનસમુચ્ચય(શ્લો. ૩૩)ની ઉપ-યુક્ત વૃત્તિ (પત્ર ૩૮ આ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઈર્ષ્યાને પરિણામે

દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી

ફક્ત બે જ અક્ષરનો શબ્દ, ઈર્ષ્યા. ઈર્ષ્યા એવુ કાર્ય કરે છે કેઃ–મનુષ્ય ચાહે ગમે તેટલો સદ્‌ગુણી હોય, ધર્મવંત હોય પણ જ્યારે તેના સ્વભાવમાં ઈર્ષ્યા આવે છે ત્યારે તેના પુણ્યનું તેજ ઝાંખું લાગે છે. જેમ સૂર્યનો પ્રચંડ તાપ પૃથ્વી પર પડતો હોય, પરન્તુ જ્યારે એકાદ પણ વાદળું તેની આડું આવી જાય છે ત્યારે સૂર્યનો પ્રકાશ ઝાંખો–ઝાંખો લાગવા માંડે છે. જ્ઞાનીઓએ ખરું જ કહ્યું છે કે–'ઈર્ષ્યા દુઃખની ખાણ છે' કેમકે ઈર્ષ્યાળુ મનુષ્ય આંતરિક દૃષ્ટિએ પોતાનું બૂરું તો કરતો જ હોય છે પણ બીજો માણસ કેમ મારાથી હલકો પડે તેમ જ તે ઈચ્છે છે. તેમાંથી વાતવાતમાં કજીયો–કંકાસ થાય અને લડાઈ જામી પડે. આજે ચોમેર ઈર્ષ્યાનો અગ્નિ જ ભડકે બળી રહ્યો છે. જો હરિફાઈ હોય તો કંઈ ખરાબ થતું નથી. હરીફ બીજાનું બૂરું ન ચિંતવે.

ઈર્ષ્યાળુ માણસ જો પોતાના ભૂતકાલીન મિત્રને લક્ષાધિપતિ થએલો જુએ તો તો દિલમાં જાણે શું થઈ જાય? ઈર્ષ્યાને લીધે નિરર્થક પ્રયાસ કરવા માંડે તો કંઈ જ ન વળે. લોકોક્તિમાં પણ સાચું જ કહ્યું છે ને કેઃ–'પારકાના મહેલ દેખી આપણા ઝૂંપડા કંઈ બાળી નખાય?' ઈર્ષ્યાનું કેવું ખતરનાક પરિણામ આવે તે દર્શાવતા દૃષ્ટાંતો શાસ્ત્રોમાં મળી આવે છે.

ભરતક્ષેત્રમાં અવનીપુર નામે શહેરમાં જિતશત્રુ નામે કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. તે જૈન ધર્મનું પાલન કરવાવાળો હતો. તેને ઘણી રાણીઓ હતી. તેમાં 'કુંતલદેવી' પટ્ટરાણી હતી. દરેક રાણીઓ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ધર્મભક્તિ કરતી. બીજી રાણીઓએ ચૈત્યો બંધાવ્યા હતાં અને સુવર્ણ કળશ મુકાવ્યા. કુંતલદેવી રાણીને ઈર્ષ્યા થઈ કેઃ બીજી રાણીઓએ કેવા સુંદર ચૈત્યો બનાવરાવ્યા. હું તેઓના કરતાં પણ અધિક સુંદર ચૈત્યો બનાવરાવું. તે મારાથી કેમ ચઢી જાય? તેણે એક સુંદર ચૈત્ય બનાવરાવ્યું. પણ પ્રભુભક્તિ કરતાં કુંતલદેવીનું લક્ષ ઈશ્વર પ્રતિ તન્મય ન રહેતું. બીજી રાણીઓના મનમાં ઈર્ષ્યારૂપી કોઈ ભાવ નહોતો. તેઓ તો ઉલટી કુંતલદેવીની પ્રશંસા કરતી કે–'કુંતલદેવી કેવાં ભાગ્યશાળી છે!' કહ્યું પણ છે જ કેઃ–વિષનો અમૃત સાથે સંયોગ થતાં વિષ અમૃત બની જતું નથી. કુંતલદેવીને કોઈ વ્યાધિ લાગુ પડ્યો. જુઓ કર્મની કેવી વિચિત્રતા! જ્યાં સુધી મનુષ્ય બીજાનું સારું કરવા સમર્થ હોય છે ત્યાં સુધી જ સૌ હાજી હા, કરનારાં હોય છે. દુઃખમાં કોઈ સગું થતું નથી. મનુષ્ય જો શ્રીમંત થયો હશે તો કેટલાએ સગાં થવા આવશે. મિત્રોનો તો પાર નહિ રહે. કુંતલદેવી વ્યાધિ ભોગવી મૃત્યુ પામી પણ મરતાં મરતાં તેનો ઈર્ષ્યાળુ સ્વભાવ ગયો નહિ. અને તે સ્વભાવને કારણે કુંતલદેવી મરણ પામી કૂતરી તરીકે જન્મી. તે પોતાના બંધાવેલા ચૈત્યની સામે જ રહેતી.

એક સમયે કેવળી ભગવંત તે નગરમાં પધાર્યા. રાજા રાણી સૌ દેશના સાંભળવા ગયા. દેશના સાંભળીને હર્ષિત થએલી રાણીઓએ દેશનાને અંતે ભગવંતને પૂછ્યું કે–'ભગવંત કુંતલદેવી રાણી ક્યાં જન્મી છે?' કેવળી ભગવંતે જણાવ્યું કે–'કુંતલદેવી રાણી તિર્યંચગતિ પામી, કૂતરી તરીકે જન્મી છે અને પોતાના જ બંધાવેલા ચૈત્યની સામે રહે છે.' સૌને કર્મની વિચિત્રતાનું ભાન થયું. આ બધું ઈર્ષ્યાનું જ પરિણામ છે. જ્યારે રાણીઓ ચૈત્યે ગઈ ત્યારે કૂતરીને બોધ પમાડ્યો. કૂતરીને જાતિ–સ્મરણ જ્ઞાન થયું. તેને પૂર્વભવ દેખાયો. અને પશ્ચાત્તાપ થયો. તે કૂતરી સાત દિવસ સુધી અણસણ કરી સ્વર્ગે ગઈ.

કુંતલદેવીના દૃષ્ટાંતથી જાણવા મળે છે કે–ઈર્ષ્યાના પરિણામે તિર્યંચગતિમાં પણ ભટકવું પડે છે. વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે–ઈર્ષ્યાનું પરિણામ કદી શુભ આવતું નથી. આપણે સૌ ઈર્ષ્યાથી વિમુખ થઈ સદ્‌ગુણો પ્રાપ્ત કરીએ એ જ એક અભિલાષા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વર્ગસ્થ શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધી

ભાવનગરના ગાંધી કુટુંબમાં તેઓશ્રીનું શોભાભર્યું સ્થાન હતું. યુવાન વયે જ તેમને કેળવણીનો સારો શોખ હતો અને આજથી ૫૦ વર્ષ પૂર્વે જ્યારે કેળવણીનું મહત્વ સમાજને પૂરેપૂરું સમજાયું પણ નહોતું ત્યારે કેળવણીના ઉત્તેજનાર્થે ભાવનગરમાં "શ્રી જૈન યુવક મંડળ" નામની સંસ્થા તેમણે ઊભી કરી અને નવયોદ્ધીયા યુવાન કાર્યકરો સાથે સ્કોલરશીપ તથા શ્રી પુસ્તકોની સહાય કરી આ દિશામાં સારો પ્રયાસ કર્યો. વર્ષો સુધી મંડળના પ્રમુખ તરીકે રહી સારી સેવા બજાવી; તેમજ મુંબઈના વસવાટ દરમિયાન પણ તેમની આ કાર્યવાહી ચાલુ જ રહી. મંડળ કંઈક પગભર થયું એટલે વિ. સં. ૧૯૯૦ માં ભાવનગરમાં જ "શ્રી જૈન બાળ વિદ્યાર્થી ભુવન"ના નામથી બોર્ડિંગ શરૂ કરવામાં આવી, જેમાં તેમનો સક્રિય ફાળો અને સહકાર હતો. ભુવને બે દશકામાં જે પ્રગતિ સાધી છે તેનો યશ તેમના કાર્યકરો ઉપરાંત સ્વ. શ્રી જમનાદાસ ગાંધીને પણ ઘટે છે.

તેઓશ્રીના પિતાશ્રી અમરચંદ ઘેલાભાઈ ગાંધી આપણી સભાના આજીવન સભાસદ હતા; એટલું જ નહીં પણ સભાના સેક્રેટરી પદે રહી ઘણી કીંમતી સેવા બજાવી હતી. સ્વ. શ્રી જમનાદાસભાઈ પણ સભાના વર્ષોથી સભાસદ હતા; એટલું જ નહીં પણ સભાની ઉન્નતિના દરેક કાર્યોમાં સારો રસ ધરાવતા હતા.

છેલ્લે-છેલ્લે નબળી તબીયતને કારણે તેમનો મોટા ભાગનો વસવાટ ભાવનગરખાતે જ રહ્યો હતો અને ધાર્મિક વાંચન, ચિંતન અને સ્વાધ્યાયમાં જ પોતાનો સમય વ્યતીત કરતા હતા. તોંતેર વર્ષની વયે પોષ શુદ ૮ શનિવારના રોજ તેઓ સ્વર્ગવાસી થયા છે. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

---

— પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીક છે —

**ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મગાવી લેશો.

આ પુસ્તકમાં ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only